| GJBK010003532026 | દાખલ તારીખ | ૧૮/૦૬/૨૦૨૬ | | |
|---|---|---|---|---|
| | નોંધ્યા તારીખ | ૧૮/૦૬/૨૦૨૬ | | |
| | ફેંસલ તારીખ | **૩૦/૦૬/૨૦૨૬** | | |
| | અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૦ | ૧૨ |

**બનાસકાંઠા જિલ્લાના મહે. ત્રીજા એડીશનલ સેશન્સ જજ**
**શ્રી અમિત જે. કાનાણી સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુકામ : પાલનપુર**

**<u>ક્રિમિનલ પરચુરણ અરજ: ૭૦૮/૨૦૨૬</u>**

**આંક.**

**<u>અરજદાર</u>** : **નરેન્દ્રસિંહ ઉર્ફે નદુભા સામંતસિંહ રાઠોડ**
ઉ.વ. પુખ્ત, ધંધો – ખેતી,
રહે. ચેમ્બુવા રોડ, મુ. ભાભર નવા,
તા. ભાભર, જિ. વાવ-થરાદ.

**<u>વિરૂધ્ધ</u>**

**<u>સામાવાળા</u>** : **શ્રી સરકાર**

| | |
|---|---|
| **<u>ગુનો</u> :-** | ભાભર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૯૯૬૦૦૨૨૬૦૦૪૩/૨૦૨૬ ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમની કલમ - ૩,૪(૩),૫(ગ) તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ- ૩૨૯,૩૫૧(૩) મુજબ. |
| **<u>અરજ</u> :-** | બી.એન.એસ.એસ. ની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા બાબત. |

અરજદાર તરફે ચીફ લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સેલ શ્રી પી.પી. ઠાકોર
સામાવાળા તરફે વિ. સ્પે.પી.પી. શ્રી ટી.એ. ત્રીવેદી
મુળ ફરિયાદી તરફે વિ. વકીલ શ્રી આર.જી. પટે

**-:: <u>જ જ મે ન્ટ</u> ::-**

**૧.** હાલની જામીન અરજી અરજદાર ભાભર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૯૯૬૦૦૨૨૬૦૦૪૩/૨૦૨૬ ગુજરાત જમીન પચાવી પાડવા પર

પ્રતિબંધ અધિનિયમની કલમ – ૩,૪(૩),૫(ગ) તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૩૨૯,૩૫૧(૩) મુજબના ગુન્હાના કામે જયુડીશીયલ કસ્ટડીમાં હોય, બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા સારૂ કરવામાં આવેલ છે.

૨. ઉપરોકત અરજીના કામે સામાવાળાને નોટીસ ઇશ્યુ કરતાં, વિ. સ્પે.પી.પી. શ્રી ટી.એ. ત્રીવેદી હાજર થયેલ છે અને આંક. ૦૬ થી ત.ક.અધિકારીશ્રી તરફે સોગંદનામું રજુ થયેલ છે.

૩. અરજદાર તરફે વિ. ચીફ લીગલ એઇડ ડિફેન્સ કાઉન્સેલ શ્રી પી.પી. ઠાકોર એ ભારપુર્વક એવી દલીલ કરેલ છે કે, ફરિયાદમાં કરેલ આક્ષેપો મુજબ અરજદારે કોઇ જ ગુનો કરેલ નથી. અન્ય આરોપીઓ સામે ગુનાની તપાસ પુર્ણ થઇ ગયેલ છે અને તેઓની સામે ચાર્જશીટ ફાઇલ થયેલ છે. અરજદાર સામેના અન્ય ગુનાઓમાં પણ અરજદારને વિ. ટ્રાયલ કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. સદર તકરારી જમીન અરજદાર તથા અન્ય આરોપીઓની વડીલોપાજિત મિલ્કત છે, જેમાં અરજદારોએ કોઇ ગેરકાયદેસર દબાણ કરેલ નથી, પરંતું ગેરકાયદેસર રીતે આ જમીનનો કબજો મેળવવા માટે હાલના અરજદાર તેમજ અન્ય આરોપીઓ ઉપર દબાણ લાવવા હાલની આ ખોટી ફરિયાદ કરેલ છે. આ ગુનાના અન્ય આરોપી સામંતસિંહ શિવસિંહ રાઠોડ (દરબાર) તથા ઇશનબા વા/ઓ સામંતસિંહ રાઠોડ (દરબાર) તેમજ મયુરસિંહ ઉર્ફે મહેશસિંહ સામંતસિંહ રાઠોડ (દરબાર) તથા સિધ્ધરાજસિંહ સામંતસિંહ રાઠોડ (દરબાર) નાઓને ના. કોર્ટે અગાઉ જામીન ઉપર મુકત કરેલ છે ત્યારે પેરીટીના ગ્રાઉન્ડ ઉપર હાલના અરજદાર જામીન મુકત થવા હકદાર બને છે. આ ગુનાના કામે અન્ય આરોપીઓ સામે ચાર્જશીટ થઇ ગયેલ છે

અને જેનો જી.એલ.જી.પી. કેસ નં. ૧/૨૦૨૬ થી નોધાયેલ છે. આ કામના અરજદારને પાછળથી અટક કરેલ છે. તેઓએ વધુમાં એવી ભારપુર્વક દલીલ કરેલ છે કે, હાલના આરોપી કેવી રીતે પજેશનમાં હતા તે અંગે ત.ક.અધિકારીએ કોઈપણ પુરાવો લેવાનો પ્રયત્ન કરેલ નથી કે પેઢીનામું રજુ કરેલ નથી.

૪. સામાપક્ષે વિ. સ્પે. પી.પી. શ્રી ત્રીવેદીએ એવી દલીલ કરેલ છે કે, સને ૨૦૦૧ માં હાલના જ અરજદાર/આરોપીના સગાવ્હાલા ઓએ સોગંદનામું કરી એન્ટ્રી કરાવેલ છે. ત્યારબાદ જગ્યા મુળ ખરીદનાર પાર્ટસ ડેવલોપર્સને તેના માલિક શંકરભાઇ જોધાભાઇ પટેલ ને પણ સને ૨૦૦૪ માં રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે અને ત્યારબાદ પાર્ટસ ડેવલોપર્સે બીનખેતી કરાવી પ્લોટીંગ કરતાં અલગ અલગ ૫૧૪ ખરીદનારાઓને પ્લોટો વેચાણથી આપેલ છે. વધુમાં, વિ. સ્પે.પી.પી. શ્રીએ એવી ભારપુર્વક દલીલ કરેલ છે કે, આરોપી ગેરકાયદેસર કબજામાં હોય જેથી કલેકટરશ્રીએ આ અંગે ઇન્કવાયરી કરી ત્યારબાદ કમીટીએ રીપોર્ટ કરેલ હોય જે નહિ માનવા કોઈ કારણ ન હોય, આરોપીની જામીન અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

૫. મુળ ફરિયાદી તરફે આંક. ૦૮ થી સોગંદનામું રજુ કરી ફરિયાદ હકીકત મુજબની હકીકત જણાવી અરજદારની જામીન અરજી રદ કરવા માટે રજુઆત કરેલ છે.

૬. અત્રેની કોર્ટ વિ. સ્પે. પી.પી. શ્રી ત્રીવેદી ની એ દલીલ સાથે સહમત છે કે, અદાલતે જયારે એફ.આઇ.આર.ના બેઝ ઉપર મેરીટસ ઉપર જામીન નામંજુર કરેલ હોય ત્યારબાદ સામાન્ય સંજોગોમાં ફરીવાર ચાર્જશીટ બાદ જામીન મંજુર કરવા જોઇએ નહિ અને અત્રેની કોર્ટે સામાન્ય સંજોગોમાં કરતી પણ હોતી નથી. સાથોસાથ અત્રે એ પણ નોંધનીય છે કે, જયારે બદલાયેલ સંજોગો કે અમુક સંજોગો કે જે એફ.આઇ.આર. ના બેઝ ઉપર અદાલતના ધ્યાન ઉપર મુકેલ ન હોય

કે અદાલતે જેના વિશે કોઇ પ્રથમદર્શનીય તાર્કીક વિશ્લેષણ કરેલ ન હોય તેવી કોઇ નવી હકીકત કે તેવા કોઇ સંજોગો રેકર્ડ ઉપર આવે તો અદાલત ચોકકસપણે તે વિવેકાધીન સત્તાઓનો ઉપયોગ કરી શકેશે.

૬.૧ હાલના કામમાં લેન્ડ ગ્રેબિંગના કાયદાનો મુખ્ય આશય એવો છે કે ગેરકાયદેસર રીતે અથવા બળજબરીથી જંગલ રાજની જેમ કોઇ વ્યકિત કોઇની જમીન પચાવી ન પાડે અને ગેરકાયદેસર કબજો ન કરે તે છે. અત્રેની અદાલત એ હકીકત સાથે દ્દઢપણે સંમત છે કે, આવા લોકો પ્રત્યે કોઇ માનવતા કે કોઇ વિવેકાધીન સત્તાઓનો ઉપયોગ થઇ શકે નહી. પરંતું જયારે પ્રથમદર્શનીય આરોપીનો વાદગ્રસ્ત જગ્યામાં કોઇ સુક્ષ્મ હક પણ જણાતો હોય ત્યારે અદાલતે તે હકીકત નિ:શંક પણે લક્ષમાં લેવી જોઇએ. હાલના કામમાં ખુબજ દુખનિય રીતે અને ખુબજ શોભ સાથે એ જણાવવું પડે છે કે, ત.ક.અધિકારીએ અગાઉના આરોપીઓ સામે કરેલ સમગ્ર ચાર્જશીટમાં કઇ રીતે હાલના આરોપી આ જગ્યાના કબજામાં આવેલ છે તે જાણવાનો કે તે અંગેનો કોઇ પ્રયાસ કરેલ નથી. વધુમાં, આજરોજ માર્ક – ૪/૫ થી પેઢીનામું આરોપીપક્ષે રજુ થયેલ છે એવું કોઇ પેઢીનામું પણ મેળવેલ નથી. જે પેઢીનામાં મુજબ રાઠોડ ચાંદાજી દાદાજી ના કુલ–૬ બાળકો હતા, જેમાં લધાજી ના નામે હાલની વાદગ્રસ્ત જગ્યા એટલે કે સર્વે નં. ૨૫૪ વાળી જગ્યા માલિકીની હતી. ત્યાર બાદ લધાજીના ગુજરી જવાથી સદરહું જગ્યા તેમના પત્ની બઇબા ના નામે સદર વાગ્રદ્રસ્ત જગ્યા ચડેલ અને બઇબા તેમજ તેમના પુત્ર ગોવિદજી મરણ પામતાં સદરહું જગ્યા રાઠોડ ચાંદાજીના વારસદારો એટલે કે, ચેહરસીંગ, ઉમાજી, પુંજાજી, સુરસંગજી, લાધાજી અને કરણસીંગ ના ભાગે આવેલ. કારણસીંગના પુત્રો હરીસીંગ અને તેમના પુત્રો તથા શીવુભા કરસીંગ અને તેમના

પુત્રો આવતાં, હાલના અરજદારના નામે આ જગ્યા વારસાઈથી મળેલ તેવી વકીલશ્રીની દલીલ છે. તે રીતે વારસાઇ જગ્યા હોવાના કારણે અરજદારના પિતા સામંતસીંહ આ જગ્યાના કબજામાં છે અને આરોપીના વકીલશ્રીની દલીલ મુજબ અરજદારના પિતા જગ્યા વાવતા, ખેડતા આવેલ છે. વધુમાં, હાલના કામમાં માર્ક–૪/૪ જોવામાં આવે તો, એક સોગંદનામું રજુ થયેલ છે જેમાં રાઠોડ ચાંદાજી દાદાજીના અન્ય વારસોએ એટલે કે રાઠોડ નવુભા મગનસીંગ, રાઠોડ ભાથીભા ભાવસીંગ, રાઠોડ દિલીપસીંગ ચંદુભા, રાઠોડ સામંતસીંગ તેજમાલસીંગ અને રાઠોડ બચુભા હરીસીંગ એમ પાંચ વારસદારોએ સદરહું જગ્યાની એન્ટ્રી પોતાના નામે કરવા આ સોગંદનામું કરેલ છે. જે અનુસંધાને પેઢીનામાં મુજબ ૧૫ થી ૨૦ લોકોના ભાગ જગ્યામાં પડતા હોય પરંતું આ પાંચ લોકોના સોગંદનામાંનાં કારણે સદરહું વાદગ્રસ્ત જગ્યા આ પાંચ એટલે કે માર્ક ૪/૨ અને ૪/૪ વાળા અરજદારોના નામ ચડી ગયેલ. અત્રે એ પણ નોંધનીય છે કે, સદરહું કોઇ દસ્તાવેજ ત.ક.અમલદારે તેઓની તપાસ દરમ્યાન કબજે કરેલ નથી કે કમીટીએ પણ સદરહું કાગળો લક્ષમાં લીધા હોય તેવું આ તબકકે જણાય આવતું નથી. વધુમાં, અન્ય વારસદારોના નામ રેકર્ડ ઉપર દાખલ થયેલ તે દરમિયાન હાલના અરજદાર/આરોપીના પિતા સામંતસીંહને કોઇ ૧૩૫–ડી ની નોટીસ બજેલ હોય તેવું કલેકટરશ્રીના રીપોર્ટમાં કે કમીટીના નિર્ણયમાં જણાતું નથી કે ચાર્જશીટમાં પણ આ અંગેનો કોઇ પુરાવો લીધેલ નથી. પ્રથમદર્શનીય કલેકટરશ્રી ધ્વારા સદરહું મહત્વની હકીકત ધ્યાન બહાર રહી ગયેલાનું જણાય આવે છે. હાલના કામમાં અરજદાર/આરોપી કે જેઓ પોતે વાદગ્રસ્ત જગ્યામાં વારસાઇથી અમુક હિસ્સા માટે હકકદાર હોય તેની સાથે ચીટીંગ થયેલ છે અને તેની સાથે ફ્રોડ થયેલ છે તેવી વકીલશ્રી ઠાકોરની દલીલ સાથે આ કોર્ટ આ તબકકે પ્રથમદર્શનીય સહમત થાય છે. હાલના કામમાં

કમીટી ધ્વારા જે રીપોર્ટ થયેલ તેમાં મુળ ખરીદનારાઓ એટલે કે પાર્ટસ ડેવલોપર્સના માલિકો શંકરભાઇ પટેલ કે પ્રથમ ખરીદનાર પટેલ જોધાભાઇ મેવાભાઇ તેઓ બોનાફાઇડ પરચેજર છે કે કેમ ? તેવો પણ રેકર્ડ ઉપર કોઇ પુરાવો લાવવાનો પ્રયત્ન કરેલ નથી કે વર્તમાનપત્ર માં નોટીસ આપેલ હોય કે ૩૫ વર્ષ થી ઉપરની વારસાઇ રેવન્યું રેકર્ડમાં સર્ચ કરીને અને ત્યારબાદ વેચાણ દસ્તાવેજ સને ૨૦૦૪ માં કરાવેલ હોય તેવું આ તબકકે રેકર્ડ ઉપર કશું જ ચાર્જશીટ સાથે જણાતું નથી. કાયદાનો એ પ્રસ્થાપિત નિયમ છે કે ખરીદનારાઓએ હંમેશા સાવધ રહેવું જોઇએ. વાદગ્રસ્ત જગ્યામાં પ્લોટીંગ થયેલ હોય તો કેવી રીતે આ જગ્યા ઉપર ખેડાણ થયેલ અને પાક ઉભેલો હોય પ્રથમદર્શીય બિન ખેતી થયેલ છે તે માત્ર કાગળો ઉપર થયેલાનું જણાય છે તેવી દલીલ સાથે અસંમત થવા આ તબકકે કોઇ પુરાવો ચાર્જશીટમાં રજુ થયેલ નથી.

૬.૨ વધુમાં, વાદગ્રસ્ત જગ્યામાં કોઇ ભાગ પડેલ હોય તેવું પણ રેકર્ડ ઉપર જણાય આવતું નથી તેમજ સદરહું વાદગ્રસ્ત જગ્યા સંયુકત કબજે હોય તેવું જણાય આવે છે. ત.ક.અધિકારીશ્રીએ આ કામમાં મુળ જમીન ખરીદનારાઓના કોઇ નિવેદન લીધેલ નથી તેમજ જે બે દાવાઓ થયેલ છે તે અંગે પણ કોઇ તપાસ કરેલ નથી.

૬.3 હાલના કામમાં કાયદાનો પ્રથમ સિધ્ધાંત છે કે ખરીદનારે સાવધ રહેવું જોઇએ. કોઇ સર્ચ કરાવેલ છે કે કેમ તે કાગળો ચાર્જશીટમાં નથી. બોનાફાઇડ પરચેજર છે કે કેમ તેવું રેકર્ડ ઉપર ચાર્જશીટ ધ્વારા જણાતું નથી. વધુમાં, પ્રથમદર્શીય હાલના અરજદાર/આરોપીનો વારસાઇ તરીકે જે હકક હોય તે હકક અંગે કોઇ નિર્ણય થયેલ નથી તેમજ ૧૩૫–ડી ની નોટીસમાં કોઇ સહી લીધેલ નથી. ઉલ્ટાનું આરોપીના સિવિલ રાઇટસને માર્ક ૪/૩ અને ૪/૪ વાળા સહ વારસદારો અને અરજદાર ધ્વારા અંત લાવવામાં આવેલ તેવું

પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે. હાલના કામમાં હાલના અરજદારે ૨૦૦૮ માં બિન ખેતી થતાં તુરતજ ૨૦૦૯ માં સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરેલ છે. આમ હાલનો કેસ પ્રથમદર્શનીય રીતે એવો કેસ નથી કે જયાં કોઇ ત્રાહિત વ્યકિત વાદગ્રસ્ત જગ્યામાં બળજબરીથી અને જંગલ રાજ ગણી અને કોઇનો કબજો ઝુંટવી લે. હાલના કામમાં અરજદાર/આરોપી વર્ષોથી વાદગ્રસ્ત જગ્યામાં છે અને ઉપર કરેલ ચર્ચા મુજબ ત.ક.અમલદાર ધ્વારા કે કમીટી ધ્વારા હાલના અરજદાર કેવી રીતે વાદગ્રસ્ત જગ્યા સાથે હકક ધરાવે છે તેવો કોઇ ઇતિહાસ લેવાનો પ્રયત્ન કરેલ નથી અને માત્ર કમીટી એ નિર્ણય કરી આપેલ હોય જેથી કમીટીના નિર્ણય મુજબ ચાર્જશીટ કરી દીધેલ હોય તેવી દલીલ સાથે આ અદાલત પ્રથમદર્શીય સંમત થાય છે, અને હાલના કામમાં જયારે આરોપીનો વાદગ્રસ્ત જગ્યામાં હકક, હિત અને હિસ્સો હોવાનું પ્રથમદર્શીય રીતે જણાતું હોય ત.ક.અધિકારીની એ ફરજ છે કે વાદગ્રસ્ત જગ્યાના નામો તથા દસ્તાવેજોની એન્ટ્રી તપાસના કામે સામેલ કરવા જોઇએ.

**૬.૪** આમ, હાલના કામમાં અત્રેની અદાલતે ઉપરોકત હકીકતોનું પ્રથમદર્શનીય વિશ્લેષણ કરતાં હાલના અરજદારનું જમીન સાથે દાદાઓના વખતથી હિત હોવાનું પ્રથમદર્શીનીય રીતે જણાતું હોય ત્યારે આ તબકકે ડીસ્ક્રીશનરી રીલીફ આપવા માટેનો આ ફીટ કેસ હોય તેવું અત્રેની અદાલતનું માનવું છે, જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુ ક મ</u> ::–**

૧. અરજદારની જામીન અરજી આથી મંજુર કરવામાં અાવે છે.

૨. અરજદાર **નરેન્દ્રસિહ ઉર્ફે નદુભા સાંમતસિંહ રાઠોડ (દરબાર)**, રહે. ચેમ્બુવા રોડ, મુ. ભાભર નવા, તા. ભાભર, જિ. વાવ–થરાદ નાઓને ભાભર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૯૯૬૦૦૨૨૬૦૦૪૩/૨૦૨૬

ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમની કલમ – ૩,૪(૩), ૫(ગ) તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૩૨૯, ૩૫૧(૩) મુજબના ગુન્હાના કામે રૂા. ૧,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા એક લાખ પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી નીચેની શરતોએ જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :–**

૧. અરજદાર/આરોપીએ ચાર્જશીટ થતાં સુધી દર મહીનાની ૧લી અને ૧૫ મી તારીખે સવારે ૯–૦૦ થી બપોરના ૧૩–૦૦ દરમ્યાન સુધી કંન્શર્ન પોલીસ સ્ટેશનમાં પોતાની હાજરી પુરાવવી.

૨. અરજદાર/આરોપીએ ફરિયાપક્ષના સાહેદોને ધાક ધમકી આપવી નહી, સાક્ષીઓને ફોડવાના પ્રયત્નો કરવા નહી કે ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી.

૩. અરજદાર/આરોપીએ કેસનો આખરી નિકાલ થતાં સંધી ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત ધરાવતી અદાલતની પુર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી.

૪. અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન રજુ કરતી વખતે પાસપોર્ટ રજુ કરવો, અથવા જામીન ઉપર મુકત થયા બાદ દિન–સાત માં પાસપોર્ટ જમા કરાવવો અને પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું કરવું.

૬. અરજદાર/આરોપીએ જામીન રજુ કરતી વખતે અથવા જામીન ઉપર મુકત થયાના દિન–સાતમાં પાસપોર્ટ સાઇઝના પોતાના બે ફોટા રજુ કરવા તેમજ અરજદાર/આરોપીના જામીનદારે પણ પોતાના પાસપોર્ટ સાઇઝના બે ફોટા જામીનની સધ્ધરતાનો આધાર સાથે જામીન આપતી વખતે રજુ કરવા.

૭. અરજદાર/આરોપીએ કોઇ ગુન્હાહિત પ્રવૃતિમાં સંડોવાવું નહી કે ગુન્હાનું પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવાની રહેશે.

૮. અરજદાર/આરોપીને આ કામના ત.ક.અધિકારીશ્રી તપાસના કામે જયારે અને જયાં બોલાવે ત્યારે અને ત્યાં હાજર રહેવું અને પોલીસ તપાસમાં સંપુર્ણ સાથ સહકાર આપવો.

૯. અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ દરમ્યાન અદાલત સમક્ષ નિયમિત રીતે હાજર રહેવું.

૧૦. ઉપરોકત શરતો પૈકી કોઇપણ શરતનો ભંગ થશે તો અરજદાર/આરોપીની જામીન મુકિતનો હુકમ રદ થવાને પાત્ર ઠરશે.

- અરજદાર/આરોપીએ જામીન અત્રેની કોર્ટમાં રજુ કરવા.

- હુકમની યાદી પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ તા. ૩૦ મી માહે જૂન સને ૨૦૨૬ ના રોજ હુકમ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : પાલનપુર
તારીખ : ૩૦/૦૬/૨૦૨૬

**(અમિત જે. કાનાણી)**
સ્પેશ્યલ (જી.એલ.જી.પી.) અને
ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર
(કોડ નં. જી.જે.૦૦૬૬૨)

**//raval//**

સ્પેશ્યલ (જી.એલ.જી.પી) અને
ત્રીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.